ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૧ ટકા

# લો, હવે કલાત્મક ચીજવસ્તુઓ પણ રસ્તા પર વેચાય છે





ગાંધીનગર, તા. ૭

માનવીને પોતાના ઘર પ્રત્યે ખૂબ લગાવ હોય છે, પછી ભલે તે ભાડાનુ હોય કે ઝુંપડુ હોય. માનવીનો આ લગાવ પોતાના ઘરને સજાવવામાં જોવા મળે છે. ઘરની સજાવટ માટે એન્ટિક ચીજવસ્તુઓનો ક્રેઝ વર્ષોથી જોવા મળે છે પરંતુ અત્યાર સુધી આ ચીજવસ્તુઓ ખરીદવા વિવિધ વિસ્તારો જ્યાં આ ચીજવસ્તુઓ મળતી હોય અથવા તેના ખાસ સ્ટોર્સ પર જ આધાર રાખવો પડતો હતો. જો કે હવે આ પ્રકારની ચીજવસ્તુઓ રસ્તા પર મળવા લાગી છે જેથી શોખીનો તેમાં ભાવતાલ કરાવવાનો પણ લાભ મેળવી રહ્યા છે.

દરેક ક્ષેત્રે ટ્રેન્ડ બદલાતા રહે છે અને સમયના વ્હેણમાં જે કોઈ સમયે અશક્ય લાગતુ હોય તે ક્યારે શક્ય બની જાય છે તે કોઈ કહી શકતુ નથી. ગાંધીનગરના માર્ગો પર એવી જ એક ઘટના જોવા મળી રહી છે. જેમાં અત્યાર સુધી શૉરૂમ કે મોલ કે ખાસ સ્ટોર્સ પર મળતી એન્ટિક અને ટ્રેડિશનલ ડિઝાઈનર આઈટમો રસ્તા પર વેચાતી જોવા મળી રહી છે. આ ચીજવસ્તુઓમાં ગાડુ, સાંબેલા, કોતરણી વાળી લાકડાની ખુરશીઓ તથા સોફા, બંને બાજુ બેસી શકાય તેવા કલાત્મક હિંચકા, વિવિધ એન્ટિક મૂર્તિઓ, હંસ-બગલા, ઊંટ વગેરેના શૉ પીસ, આકર્ષક લેમ્પ, ઘડા, કોઠીઓ, ઘડીયાળો, ચરુ, સંદૂક, પેટીઓ વગેરે જેવી અઢળક ચીજવસ્તુઓ રોડસાઈડ ખુલ્લામાં વેચાતી જોવા મળી રહી છે. આવી ચીજવસ્તુઓના શહેરમાં અનેક શોખીનો છે તેમને જલસા પડી જવા પામ્યા છે.

## વાતવાતમાં

● ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓના પરિણામ ક્યારે જાહેર થશે તે બાબતે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. સત્તાવાર સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર આ પરિણામો મે માસના ત્રીજા સપ્તાહમાં જાહેર થાય તેવી શકયતા રહેલી છે.

● હાલ રાજયમાં ચાલી રહેલા જળ સંકટને અનુલક્ષીને સોશ્યલ મિડીયા પર પાણી બચાવવા અંગેના સંદેશા વાઈરલ થઈ રહ્યા છે. આ સાથે સે-૨૩માં સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુક્લ દ્વારા પણ નાગરિકોને પાણીનો બગાડ અટકાવવા અપીલ કરતા બોર્ડ લગાડવામાં આવ્યા છે.

● શહેરના ગ-૦ સર્કલ નજીક આરટીઓ કચેરી પાસે એક ગટર ચેમ્બરનું ઢાંકણ તુટી જતા જોખમી હાલતમાં ખુલ્લી જોવા મળી રહી છે. સ્થાનિક રહીશોએ તેના પર ઝાડની ડાળીઓ લગાડી તેના પર ચેતવણી રૂપ આડશ ઉભી કરવા પ્રયાસ કર્યો છે.

# સિવિલમાં કેટલાક પંખા - વોટર કુલર બંધ રહેતા દર્દીઓ અને સગાઓ હેરાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો ઘરની બહાર નીકળવાનું પસંદ કરતા નથી. બપોર થતા જ નગરના માર્ગો સુમસામ બની જાય છે. નગરજનો ઘરમાં એસી, પંખા, વોટર કુલર તેમજ ઠંડુ પાણી અને પીણા પીને ગરમીથી રાહત મેળવી રહ્યા છે ત્યારે ઉનાળાની આગ ઓકતી ગરમીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગણ્યાગાંઠ્યા પાણીના વોટર કુલર અને પંખા ચાલુ છે. જ્યારે બાકીના તમામ વોટર કુલર અને પંખા ભંગાર સમાન સાબિત થઈ રહ્યા છે. દર્દીના સગાઓએ વોટર કુલર અને પંખા ચાલુ કરવા માટે લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા હજુ સુધી કાર્યરત થઈ શક્યા નથી. ત્યારે ઉનાળાની ગરમીમાં પણ દર્દીઓ તેમજ સગાઓને ઠંડુ પાણી પીવા માટે નીચે આવવું પડે છે. જ્યારે ગરમીમાં પણ કેટલાક પંખા બંધ રહેતા દર્દીના સગાઓને ગરમીમાં શેકાવાનો વારો આવે છે. જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સારવાર આધુનિક બનાવાઈ છે. પરંતુ પ્રાથમિક જરૂરીયાતોના ઠેકાણા નથી. પાંચ માળની ઓપીડી તેમજ આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગમાં મોટા ભાગના વોટર કુલર બંધ રહેતા ઠંડુ પાણી પીવા માટે રીતસરની દર્દીઓ તેમજ સગાઓએ રઝળપાટ કરવી પડે છે. જ્યારે કેટલાક સ્નેહીજનોને ના છુટકે બહારથી ઠંડા પાણીની બોટલો મંગાવી પોતાની તરસ છીપાવે છે. કુલરો બંધ રહેતા બોટલ લઈને ઠંડા પાણી માટે દર્દીઓની સાથે કર્મચારીઓ પણ આંટાફેરા મારતા નજરે પડે છે. ઉનાળાની આગ ઓકતી ગરમીમાં વોર્ડમાં તો પંખા બંધ થાય તો રીપેરીંગ થઈ જાય છે. તેમ છતા ડચકા ખાતા પંખા ગમે ત્યારે બંધ થઈ જાય છે. વોર્ડની બહાર દર્દીઓના સગાઓ જ્યાં બેસી રહે છે ત્યાં પંખા બંધ રહેતા લોકો આકુળ વ્યાકુળ થઈ જાય છે. ત્યારે સિવિલ કેમ્પસમાં તાત્કાલીક અસરથી બંધ રહેલા પંખા અને વોટર કુલર ઝડપથી શરુ થાય તેવી દર્દીઓ અને સ્વજનોની લાગણી અને માંગણી છે.

# આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની પરીક્ષામાં પાસ ઉમેદવારોને દોઢ વર્ષથી ભારે અન્યાય

ગાંધીનગર, તા.૭

રાજયની સરકારી આઈટીઆઈમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની ૧૪૧૫ જગ્યાઓ પૈકી ૩૨૬ ઉમેદવારોને જ નોકરીના ઓર્ડર ન મળતા આ ૩૨૬ ઉમેદવારોને છેલ્લા દોઢ વર્ષથી અન્યાય થઈ રહ્યો છે. દોઢ વર્ષથી ઓર્ડરની રાહ જોતા આ યુવાનો સરકાર સમક્ષ ન્યાયની માંગ કરી રહ્યા છે અને સરકાર સત્વરે આ મામલે યોગ્ય નિર્ણય લઈ નોકરીના ઓર્ડરની ફાળવણી કરે તેવું ઉમેદવારો ઈચ્છી રહ્યા છે.

સરકારી આઈટીઆઈમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની ૧૪૧૫ જગ્યાઓ માટે જુદા જુદા ટ્રેડની અરજીઓ મંગાવવામાં આવી હતી. પસંદગી સમિતિ અને નિયામક રોજગાર અને તાલીમ ગાંધીનગર દ્વારા ગત ૬-૩-૨૦૧૬ના રોજ પસંદગી માટે ૩૦૦ માર્કસની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જનરલ, ઓબીસી, એસસી અને એસ.ટી. જાતિ માટે અનુક્રમે ૬૦ ટકા, ૫૭ ટકા, ૫૫ ટકા અને ૫૫ ટકાનું લઘુત્તમ લાયકી (ધોરણ (કટ ઓફ માર્કસ) નક્કી કરવામાં આવ્યું હતું. પસંદગી સમિતિએ ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાનું આખરી પરિણામ જે તે સમયે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. પરંતુ મૂળ જગ્યા પર યોગ્ય લાયક ઉમેદવારો પસંદગી સમિતિને ન મળતા સમિતિએ ૨૬-૧૨-૨૦૧૬ની બેઠકમાં આજ બધી પોસ્ટ માટે 'કટ ઓફ માર્કસ'નું ધોરણ નીચું લાવવાનો નિર્ણય કર્યો હતો અને સામાન્ય કેટેગરી માટે ૪૦ ટકા તથા અન્ય તમામ અનામત કેટેગરી માટે ૩૫ ટકા નક્કી કર્યું હતું. અને આ સાથે જ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર સંવર્ગની પસંદગી યાદી અને પ્રતીક્ષા યાદી પણ જાહેર કરવામાં આવી હતી પરંતુ કેટલાક અસફળ ઉમેદવારોએ કોર્ટમાં અરજી કરતા હાલ આ સમગ્ર મામલો કોર્ટમાં ફસાઈ ગયો છે ત્યારે પસંદગી સમિતિએ ૧૪૧૫ જગ્યાઓમાંથી જુના કટ ઓફ માર્કસના આધારે પસંદગી પામેલા ઉમેદવારોને નોકરીના ઓર્ડર આપી દીધા છે. જ્યારે કટ ઓફ માર્કસનું નીચું ધોરણ લાવી પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવેલા કુલ ૩૬ ઉમેદવારોને છેલ્લા દોઢ વર્ષથી નોકરીના ઓર્ડર નથી ફળવાતા. પસંદગી સમિતિની આ વાલા દવલાની નીતિ સામે ભારે રોષ વ્યકત કર્યો છે. અને પસંદગી સમિતિ કોઈ વચગાળાનો નિર્ણય લઈ નોકરીના ઓર્ડર ઈસ્યુ કરે તેવી માંગ ઉમેદવારો કરી રહ્યા છે.

## અપહરણના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૭

એલસીબી પી.આઈ. યુ.આર. નલવાયાની ટીમના હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને માહિતી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનના અપહરણ, બળાત્કાર અને ગુનાહીત કાવતરાના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો પીલવાઈનો આરોપી તેના ઘરે છે. આ બાતમી આધારે વિજાપુરના પીલવાઈ ગામે આરોપીના ઘરેથી ટીના ઉર્ફે ધનો ઉર્ફે મહેન્દ્રસિંહ મગનજી મકવાણાને દબોચી લીધો હતો. આરોપીની એલસીબીની ટીમે ધરપકડ કરી લઈ પેથાપુર પોલીસને સોંપવા કવાયત હાથ ધરી છે.

# ચિલોડા પોલીસે ૨૪ કલાકમાં દારૂ ભરેલી ત્રણ ગાડીઓ પકડી

**ચંદ્રાલા પાસેથી મેકસ ગાડી, લેકાવાડા પાસેથી મહિન્દ્રા વેરીટો ગાડી અને છાલા પાસેથી ફ્રંટી ગાડીમાંથી દારૂ-બિયરનો જથ્થો પકડયો : ચાર બુટલેગર સાથે છ લાખનો મુદ્દામાલ જપ્ત : બે બુટલેગર ફરાર**




ગાંધીનગર, તા.૭

ચિલોડા પોલીસે બાતમી આધારે ચોવીસ કલાકમાં અલગ અલગ ત્રણ સ્થળો પર વોચ ગોઠવી વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતી ત્રણ ગાડીઓને પકડી પાડી છે. ચંદ્રાલા પાસેથી ૬૪ બોટલ દારૂ ભરેલી મેકસ ગાડી સાથે બે શખ્સોને, લેકાવાડા પાસેથી ૨૪ બોટલ દારૂ ભરેલી મહિન્દ્રા વેરીટો ગાડી સાથે પેથાપુરના બે શખ્સોને દબોચી લીધા છે તે ઉપરાંત એક મારૂતિ ફ્રંટીનો પીછો કરતા છાલા પાસે ગાડી મુકીને બે શખ્સો ફરાર થઈ ગયા તે ફ્રંટીમાંથી ૧૧૮ નંગ બિયરના ટીન મળી આવ્યા છે. ચિલોડા પોલીસે ત્રણેય કેસ દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં થતી દારૂ-બિયરની હેરાફેરી અને વેચાણ સદંતર બંધ કરાવવા તાબાના અધિકારીઓ અને તમામ પોલીસ મથકના ઈન્ચાર્જ કામે લાગ્યા છે ત્યારે ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલા અને તેમની ટીમે ચોવીસ કલાકમાં તેમના વિસ્તારમાંથી પસાર થતી ત્રણ ગાડીઓ પકડી પાડી છે જેમાં દારૂ-બિયરની હેરાફેરી થતી હતી. ચંદ્રાલા ચેક પોઈન્ટ ઉપર વોચ ગોઠવી બાતમી આધારે આર.જે.સી. ૨૭૨૫ નંબરની મેકસ ગાડી સાથે ઉદેપુરના લોગર વજાજી ડાંગી અને ગોપાલ બસંત ઝાલાને પકડી પાડયા હતા. મેકસ ગાડીમાંથી છુપા ખાનામાં સંતાડેલી ૮૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૨,૩૯,૬૦૦ના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી પુછતાછ કરતા આ જથ્થો નાના ચિલોડામાં કોઈ પ્રકાશ નામના બુટલેગરને ત્યાં આપવા જતા હોવાનું ખુલ્યું છે. તે ઉપરાંત બીજી બાતમી મળી હતી કે દશેલાથી લેકાવાડા તરફ દારૂની હેરાફેરી મહિન્દ્રા વેરીટો ગાડી નં. જીજે ૧૨ બી.ટી. ૫૫૪૯માં થનાર છે. જે આધારે લેકાવાડા પાસે વૉચ ગોઠવી ચિલોડા પોલીસે પેથાપુરના સંજય ગણપતસિંહ વાઘેલા અને સંજય વિક્રમસિંહ વાઘેલા નામના બે શખ્સોને પકડી ડેકી ચેક કરતા અંદરથી બે પેટી (૨૪ નંગ) વિદેશી દારૂ મળી આવ્યો હતો. રૂ. ૩,૧૮,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ કરતા આ બંને શખ્સ હિંમતનગરથી દશરથ ચાવડા નામના શખ્સ પાસેથી દારુ લાવ્યા હતા અને છુટક વેપાર કરવા પેથાપુર લઈ જતા હોવાની કબુલાત કરી છે. આ બંને કેસો ઉપરાંત ગઈ રાત્રે બાતમી મળી હતી કે ફ્રંટી ગાડી નં. જીજે ૧૮ એબી ૫૯૦૩માં દારૂ-બિયર ભરીને કોઈ શખ્સો પ્રાંતિજ તરફથી ચિલોડા તરફ જનાર છે. ચંદ્રાલા પાસે વૉચ ગોઠવી આ ગાડી ઉભી રખાવા પોલીસે ઈશારો કરતા ગાડી ભગાવી છાલા પાસે આશીર્વાદ હોટલ નજીક ગાડી મુકી બે શખ્સો અંધારામાં ભાગી ગયા હતા. પીછો કરી રહેલી ચિલોડા પોલીસે ફ્રંટી તપાસતા અંદરથી ૧૧૮ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. આ મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# ગાંધીનગરમાં સેનવા-રાવત સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

**૨૫ નવ દંપતિએ પ્રભુતામાં પગલા માંડયા : મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિત અનેક આમંત્રિતોએ હાજર રહી નવ યુગલોને આશીર્વાદ પાઠવ્યા**

ગાંધીનગર, તા.૭

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ આયોજીત સત્તરમો સમૂહ લગ્નોત્સવ આજે ગાંધીનગર સેકટર-૬ મેદાન ખાતે યોજાયો હતો. જેમાં ૨૫ નવ દંપતિએ અગ્નિની સાક્ષીએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં રાજયના મુખ્યમંત્રી સહિત સંખ્યાબંધ આમંત્રિત મંત્રીઓ અને સમાજના અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવ યુગલોને આશીર્વાદ આપ્યા હતા.





ગુજરાત સેનવા-રાવત વિકાસસંઘના સત્તરમા સમૂહ લગ્નોત્સવમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રભુતામાં પગલા માંડનારા ૨૫ નવ દંપતિઓને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે લગ્ન એટલે બે વ્યકિતઓનું મિલન નહી, બે પરિવારોનું મિલન છે. લગ્ન પછી વર-વધુને બે મા-બાપ મળે છે. આપણા સમાજમાં લગ્ન જીવનને પવિત્ર બંધન માનવામાં આવે છે તેમજ સાત ફેરા ફરનાર નવયુગલ સાત ભવ સુધી એક બીજા સાથે બંધાઈ અને સુખ-દુઃખના ભાગીદાર બને છે તેવી પણ લોકવાયકા છે. રાજય સરકાર દ્વારા દરેક નવદંપતિને સાત ફેરા સમૂહ લગ્નોત્સવ અને કુંવરબાઈનું મામેરું યોજના થકી ૨૦ હજારની સહાય આપવામાં આવી હતી તેમજ વિકાસસંઘને યુગલ દીઠ બે-બે હજાર મળીને કુલ ૫૦ હજાર આપવામાં આવ્યા હતા. ઉપરાંત સેનવા રાવત સમાજ પરિશ્રમ કરનારો સમાજ છે. સમાજ પ્રગતિ કરે કુરીવાજો બંધ થાય અને આજના સમય સાથે કદમ થી કદમ મિલાવી ચાલે તે જરુરી છે.

આ સમૂહ લગ્નમાં આયોજકોએ નવ દંપતિને ભેટ સ્વરૂપે પાનેતર, ચાંદીના પાયલ, તાંબાના બેડા, મંગળસૂત્ર, ચુની, આણાની પેટી, સ્ટીલના બેડા, દિવાલ ઘડિયાળ, ચાંદીના ગણપતિ, મોડીયા સહિત વાસણ-કુસણ આપ્યા હતા. લગ્નોત્સવમાં અંદાજે ૬ હજારથી વધુ સમાજબંધુઓ જોડાયા હતા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી અને સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘના પ્રમુખ પૂનમભાઈ મકવાણાએ સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. લગ્નપ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મહેન્દ્ર પટેલ, ચંદન રાણા, રમેશ ગુંજટીયા, હિતેષ મકવાણા, નીતીન રાવત, વિઠ્ઠલ રાવત, ડાહ્યાજી ઘમેડીયા અને ભોજનના દાતા દસક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ પટેલ સહિત સમાજના અનેક આગેવાનો સંતો મહંતો તેમજ સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. પૂર્ણિમા મુલચંદભાઈ ચંદનાણી, ઉ.વ. ૬૩
- સ્વ. ઉર્મિલા લખ્ખનલાલ સિન્હા, ઉ.વ. ૯૨
- સ્વ. કુસુમબેન કાન્તીલાલ શાહ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર મણાજી ખોડાજી, ઉ.વ. ૫૦
- સ્વ. રાજપૂત સુખારામ કન્હાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. દેસાઈ ટીનીબેન રાજુભાઈ, ઉ.વ. ૩૭
- સ્વ. ધૂળીબેન જવાનજી ચૌહાણ, ઉ.વ. ૧૦૨

# ગાંધીનગર ડેપોમાં પોલીસ સ્ટેશન માટે દરખાસ્ત

**એસ.ટી. વિભાગે પત્ર લખી જિલ્લા પોલીસ વડાને જાણ કરી : એસ.ટી. સલાહકાર સમિતિની મીટીંગમાં જાણકારી અપાઈ**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ડેપોમાં અસામાજીક તત્વોના ત્રાસને નાથવા પોલીસ સ્ટેશનની જોરદાર માંગ ઉઠી હતી. જેને સ્થાનિક આગેવાનોએ સમર્થ આપી આ અંગે યોગ્ય કરવા ભલામણ થઈ હતી અને આ વ્યવસ્થા ઉભી કરવા એસ.ટી. વિભાગને સલાહકાર સભ્યોએ મીટીંગમાં જણાવ્યું હતું. જેના પ્રત્યાઘાત સ્વરૂપે એસ.ટી. વિભાગે યોગ્ય તપાસ અને કાર્યવાહી કરી અંતે પોલીસ સ્ટેશનની પ્રપોઝલ કરી દેવામાં આવી છે અને આ અંગે જિલ્લા પોલીસ વડાને પણ પત્ર લખી જાણ કરી દેવાઈ છે.



ગાંધીનગર ડેપોમાં ખિસ્સા કાતરૂ, ચેન સ્નેચરો તથા અન્ય અસામાજીક તત્ત્વોનો ઉપદ્રવ વધી ગયો હતો જે માટે મુસાફરો તથા સ્થાનિક આગેવાનોએ પોલીસ ફાળવવા માંગ કરી હતી. જેમાં તંત્રએ ડેપોમાં બે પોલીસ કર્મચારી તૈનાત રાખી અંકુશ મેળવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ કાયમી પોલીસ સ્ટેશન બનાવવા સલાહકાર સમિતિમાં ચર્ચા કરીને તે અંગે કાર્યવાહી કરવા ભલામણ કરાઈ હતી. તથા ડેપોમાં બંધ હાલતમાં રહેલ ઠંડા પાણીના કુલરને રીપેરીંગ કરી મુસાફરોને ઉપયોગી બને તે રીતે કાર્યરત કરવા પણ માંગ ઉઠી હતી.

તાજેતરમાં એસ.ટી. વિભાગની સલાહકાર સમિતિની મીટીંગ મળી હતી. જેમાં રાજયના વિવિધ શહેર અને ગામોના પ્રશ્નોના ઉકેલ અંગેની જાણકારી આપીને ગાંધીનગર ડેપોમાં પોલીસ સ્ટેશન બનાવવાની પ્રપોઝલ થઈ ગઈ હોવાની પણ માહિતી પુરી પડાઈ હતી અને જિલ્લા પોલીસ વડાને પત્ર લખી આ અંગે જાણ કરી દેવાઈ છે. જેથી ટૂંક સમયમાં ગાંધીનગર ડેપોમાં પોલીસ સ્ટેશન કાર્યરત થઈ જવાની સંભાવના વ્યકત થઈ રહી છે. વિભાગીય નિયામકે આ અંગે લેખિતમાં સલાહકાર સભ્યોને જાણકારી આપી છે. રાજયના પાટનગરમાં આ પ્રકારની વ્યવસ્થા અમલી બને તે અન્ય શહેરો માટે ઉદાહરણ પુરું પાડશે તેમજ ગુનાખોરીને નિયંત્રણમાં લઈ ગુનેગારો તેમજ અસામાજીક તત્વો દૂર જ રહેશે તેવી સ્થિતિ સર્જાવાની શકયતા છે.